
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૫ | ૭ નવેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહા વાવાઝોડાની ઘાત ટળી

## સૌરાષ્ટ્રના દરિયાકાંઠે વાવાઝોડુ નહીં ટકરાવવાની જાહેરાત : પણ તંત્ર હજુય એલર્ટ : આજે દીવ દરિયાકાંઠેથી ૪૦ કિમી દૂર મહા વાવાઝોડુ ડિપ ડિપ્રેશનમાં ફેરવાઇ જશે : આગામી પાંચ દિવસો સુધી અસર હેઠળ અતિભારે વરસાદની ચેતવણી



અમદાવાદ, તા.૬

ગુજરાતમાં છેલ્લા કેટાલક દિવસથી તોળાઈ રહેલી મહાવાવાઝોડાની ઘાત આખરે ટળી ગઈ છે. જો કે, તેની અસર રહી શકે છે જેના ભાગરુપે વરસાદી માહોલ રહેવાની તંત્ર તરફથી ચેતવણી જારી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે જેના ભાગરુપે સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, બોટાદ, દીવમાં ભારે થઈ શકે છે જ્યારે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદ થઈ શકે છે જેમાં અમદાવાદનો પણ સમાવેશ થાય છે. ભારે વરસાદની વરસાદની અસર હેઠળ તંત્ર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. મહા વાવાઝોડાને લઈ આજે ફરી એકવાર રાહતના સમાચાર હવામાન વિભાગ તરફથી અપાયા છે કે, મહા વાવાઝોડાનો ખતરો ગુજરાત પરથી લગભગ ટળ્યો છે અને હવે મહા વાવાઝોડુ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે નહી ટકરાય. પરંતુ તે આવતીકાલે તા.૭મી નવેમ્બરે સાંજે દીવના દરિયાકાંઠાથી ૪૦ કિમી દૂર ડિપ

● અનુસંધાન પાન-૭ પર

# હવે પાણીની અંદરથી પરમાણુ મિસાઈલ માટેનું પરીક્ષણ થશે

## ૩૫૦૦ કિમી રેંજ ધરાવતી મિસાઇલનું શુક્રવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે પરથી પરીક્ષણ : સબમરીનમાંથી દુશ્મન ઉપર ત્રાટકવાની ક્ષમતા ચકાસાશે


પ્રતિકાત્મક તસવીર

ભુવનેશ્વર, તા. ૬

સબમરીનથી દુશ્મનના ટાર્ગેટ ઉપર ત્રાટકવાની ક્ષમતાને વધુ વિસ્તૃત કરીને ભારત દ્વારા હવે આંધ્રપ્રદેશના દરિયાકાંઠેથી પાણીમાંથી ૩૫૦૦ કિલોમીટરની રેંજ ધરાવતી કે-૪ પરમાણુ મિસાઈલ લોંચ કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. સબમરીનથી દુશ્મન ઉપર ચોક્કસ ટાર્ગેટને પાર પાડવાના હેતુસર ભારત વધુ એક મિસાઈલનું પરીક્ષણ કરવા જઈ રહ્યું છે. શુક્રવારના દિવસે કે-૪ પરમાણુ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવશે. પરીક્ષણ દરમિયાન પણ મિસાઈલને પાણીની અંદર જ ઝીંકવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, આ મિસાઈલ સિસ્ટમને ભારતના અંતરિક્ષ સંશોધન અને વિકાસ સંસ્થા ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવી છે. ભારત દ્વારા વિકસિત કરવામાં આવી રહેલી અરિહંત ક્લાસની પરમાણુ સબમરીન પર આ સિસ્ટમને ગોઠવવામાં આવનાર છે. ભવિષ્યમાં આ સિસ્ટમ અને અરિહંત સબમરીન ભારતના પરમાણુ અભિયાન માટે ખુબ નિર્ણાયક બની શકે છે.

# મહારાષ્ટ્રમાં 'ઘીના ઠામમાં ઘી'

## મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેનાના દિગ્ગજોની બેઠકમાં મતભેદોનો અંત : સરકારની રચનાને લઇને તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા : ભાજપના નેતા ચંદ્રકાંત પાટિલ આજે રાજ્યપાલને મળશે

મુંબઈ, તા. ૬

મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાને લઈને જારી મડાગાંઠનો ઉકેલ લગભગ આવી ગયો છે. ભાજપ અને શિવસેનાના સિનિયર નેતાઓની આજે બેઠક યોજાઈ હતી જેમાં પારસ્પરિક મતભેદોને દૂર કરી લેવામાં આવ્યા હતા. આ બેઠક બાદ ભાજપના નેતા સુધીર મુનગંટીવારે કહ્યું હતું કે, રાજ્યમાં ૧૦૦ ટકા ભાજપ અને શિવસેના ગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલ આવતીકાલે ગુરુવારના દિવસે રાજ્યપાલને મળશે. બેઠકની પૂર્ણાહૂતિ બાદ મુનગંટીવારે કહ્યું હતું કે, મહારાષ્ટ્રની પ્રજાએ ગઠબંધનને જનાદેશ આપી દીધો છે. ભાજપ-શિવસેના-આરપીઆઈ તથા સાથી પક્ષોના નામ ઉપર જ મત માંગવામાં આવ્યા હતા. મહાગઠબંધન માટે જ પ્રજાએ મત આપીને આશીર્વાદ આપ્યા છે. સરકાર બનશે તો ગઠબંધનની જ સરકાર બનશે. મહારાષ્ટ્ર ભાજપ પ્રદેશ અધ્યક્ષ પાટીલ આવતીકાલે સવારે રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીને મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# પુષ્કર મેળામાં મોટી સંખ્યામાં દેશ-વિદેશના પ્રવાસીઓ ઉમટ્યા

જયપુર, તા. ૬

રાજસ્થાનના પુષ્કરમાં દર વર્ષે યોજાતા ભવ્ય મેળાની શરૂઆત થઈ ચુકી છે. નવ દિવસ સુધી



ચાલનાર આ આંતરરાષ્ટ્રીય મેળામાં દેશવિદેશમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. આ વખતે મેળાની શરૂઆત પુષ્કર સરોવરની પૂજા અર્ચનાની સાથે કરવામાં આવી હતી. મેળા સ્ટેડિયમમાં ધ્વજારોહણનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મેળા મેદાનમાં આયોજિત આ મેળાના ગાળા દરમિયાન જુદા જુદા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા જેમાં સજાવવામાં આવેલા ઊંટના પ્રદર્શન, બાળકોની સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ, અન્ય સંગીતના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. ગ્રામિણ અને વિદેશી પ્રવાસીઓ વચ્ચે ચક દે રાજસ્થાન ફુટબોલ મેચનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે સાંજે પુષ્કરના બાવન જુદા જુદા ઘાટ પર મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૨મી નવેમ્બર સુધી ચાલનાર આ મેળામાં મોટી સંખ્યામાં વિદેશી પ્રવાસીઓ પહોંચી ચુક્યા છે. પશુધન ખરીદી કરનાર અને વેચનાર લોકો પણ પહોંચી ચુક્યા છે. આ પશુમેળામાં ઊંટ, અશ્વ અને ગૌવંશની મોટાપાયે ખરીદી કરવામાં આવે છે. સાથે સાથે પાંચ દિવસીય ધાર્મિક મેળાને લઈને આઠમી નવેમ્બરે કાર્તિક અકાદશી સ્નાનની પણ શરૂઆત થઈ રહી છે. કાર્તિક પૂર્ણિમા ૧૨મી નવેમ્બરના દિવસે આવનારછે. આ દિવસ દરમિયાન મેળામાં રોજ સાંજે છ વાગે મેળા ગ્રાઉન્ડ ઉપર મહાત્મા ગાંધી પર તૈયાર કરવામાં આવેલી ફિલ્મનું પ્રસારણ કરવામાં આવનાર છે.

# પોલીસ-વકીલ લડાઈમાં પોલીસને ફટકો

## વકીલો સામે કોઇપણ દંડની કાર્યવાહી કરવા માટે ઇનકાર : વકીલો સામે એફઆઈઆર દાખલ કરવાની માંગ કરતી અરજીને પણ ફગાવાઈ

નવીદિલ્હી, તા. ૬

દિલ્હી હાઈકોર્ટે વકીલોની સામે કાર્યવાહી પર પોતાના વલણને નહીં બદલીને આજે દિલ્હી પોલીસને મોટો ફટકો આપ્યો હતો. કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, વકીલોની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. બીજી બાજુ દિલ્હી પોલીસની બીજી અરજીને પણ આજે ફગાવી દેવામાં આવી હતી જેમાં સાંકેત કોર્ટવાળી ઘટના પર એફઆઈઆર દાખલ કરવાની મંજુરી માંગવામાં આવી હતી. હાઈકોર્ટે કહ્યું છે કે, ત્રીજી નવેમ્બરના આદેશમાં સ્પષ્ટીકરણની કોઈ જરૂરિયાત દેખાઈ રહી નથી. કારણ કે, તે પોતાની રીતે જ બિલકુલ સ્પષ્ટ છે. ચીફ જસ્ટિસ ડીએન પટેલ અને જસ્ટિસ શ્રીહરિ શંકરે ત્રીજી નવેમ્બરના આદેશ પર સ્પષ્ટીકરણની માંગ કરતી અરજીને ફગાવી દઈને કહ્યું હતું કે, આદેશ પોતાની રીતે સંપૂર્ણપણે સ્પષ્ટ છે. કેન્દ્ર સરકારે પોતાની અરજીમાં કહ્યું હતું કે, ત્રીજી નવેમ્બરવાળો આદેશ તીસહજારી મામલા બાદની ઘટનાઓ ઉપર લાગૂ થવો જોઈએ નહીં. સુનાવણીના સમયે કોર્ટ રુમમાં ભરચક સ્થિતિ રહી હતી. હકીકતમાં ત્રીજી નવેમ્બરના આદેશ બાદ દિલ્હીની સાકેત કોર્ટની બહાર એક ઓન ડ્યુટી પોલીસ કર્મી અને એક સિવિલિયનની સોમવાર અને મંગળવારના દિવસે વકીલો દ્વારા માર મારીને જટિલ સ્થિતિ ઉભી કરવામાં આવી હતી. આ સંબંધમાં પોલીસે બે જુદી જુદી ફરિયાદો દાખલ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### હનીપ્રીતની જામીન પર મુક્તિ

અંબાલા સેન્ટ્રલ જેલમાં દેશદ્રોહના વિવિધ મામલાઓમાં વિચારાધીન રામરહીમની કઠીત દિકરી હનીપ્રીત ઉર્ફે પ્રિયંક તનેજા જામીન પર મુક્ત થઈ છે. તે બે વર્ષ ત્રણ મહિના બાદ જેલમાંથી મુક્ત થઈ છે.

### રોબર્ટ વાડરા હોસ્પિટલમાં

બિઝનેસમેન અને પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડરા નોઈડાની મેટ્રો હોસ્પિટલ પહોંચ્યા છે. પીઠમાં દુઃખાવાની ફરીયાદ સાથે અહી તેમની સારવાર કરવામાં આવી.

### ખાડી દેશોમાંથી ડુંગળી મંગાવાશે

ડુંગળીના સતત વધી રહેલા ભાવોના પગલે સરકારે ભાવ નિયંત્રણ માટેના પગલાં લેવાનુ શરૂ કર્યુ છે. અફઘાનિસ્તાન, ઈજીપ્ત, તુર્કી અને ઈરાન ખાતેથી ડુંગળીની આયાત કરાશે. જેના કારણે ભાવો નીચા આવી શકે છે.

ખુબ વધે નામના તમારી
એવી અભ્યર્થના અમારી



શ્રી નરેશભાઈ દવે
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ શ્રી નરેશભાઈ દવે તથા તેમની ટીમને હાર્દિક શુભેચ્છા....

-● શુભેચ્છક ●-

શ્રી મયંક દવે
'સુરમધુર', ગાંધીનગર

ડો. વિજય ઉપાધ્યાય
હાઈટેક હોસ્પિટલ

શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી
પૂર્વ મંત્રીશ્રી, ગૃહ અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

શ્રી દિપેશ પટેલ
પૂર્વ પ્રમુખ, લાયન્સ ક્લબ, ગાંધીનગર




GRAND i10 Benefits up to ₹75,000*(P/D) | ELITE i20 Benefits up to ₹65,000*(P/D) | SANTRO Benefits up to ₹55,000*(P) | CRETA Benefits up to ₹80,000*(P/D) Special Price for select variants^ | XCENT Benefits up to ₹95,000*(P/D) | VERNA Benefits up to ₹60,000*(P/D) | TUCSON Benefits up to ₹2,00,000*(P/D)

GRAND i10 NIOS / VENUE / ELANTRA Assured Early Delivery | ^^Special offer for Corporates and SMEs | XCENT PRIME also available with factory fitted CNG | Hyundai is now available at DGS & D & CSD

HYUNDAI

For more details, give a missed call on 8884450242 | www.hyundai.co.in | Book online at https://book.hyundai.co.in | Lowest cost of maintenance | • 3 Years/Unlimited km Warranty** • 3 Years Road Side Assistance (RSA)

PRIDE OF India Exclusive offer for Govt.Employees | HCARE TO 54242 | PROMISE APPROVED USED CAR | SMS Hyundai to 56677, for Test Drive | 24x7 Road Assist. 1800 102 4645, 0124 256 4645 | To know more SMS "Hyundai <space> Win" to 56677 Special offers for rural customers on Eon, i10, Grand (D) and Xcent.

Complete peace of mind with 1328 nationwide service outlets and 1134 sales points across 831 cities.

For any Bulk/corporate inquiry kindly contact at skaran@hmil.net

PUNJAB HYUNDAI ✆ 78200 03300

Plot No. 1004/A. Sectar 28, GIDC, Opp, DSP Office, GANDHINAGAR | 2/5 Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mehsana Highway, KALOL ✆ 99250 04743 | Nr. Atithi Hotel. Opp. Ashirwad Hospital DEHGAM ✆ 98250 42175